# મોટી ઈસરોલમાં ગત ચોમાસામાં પડી ગયેલા મકાનની રાહત સહાયથી વંચિત

## ગરીબ પરિવાર કુદરતી આફતથી મકાન વિહોણો થયાના ૧૨ માસથી સરકારી સહાયની ચાતક નજરે રાહ જોઈ રહ્યો છે : પરિવારની હાલત કફોડી

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોટી ઈસરોલ ગામના એક ગરીબ પરિવાર ગત વર્ષે ચોમાસાની સીઝનમાં કુદરતી આફતનો ભોગ બનતાં ધોધમાર વરસાદથી મકાન પડી જતાં પરિવારને ૧૨ માસનો સમય વિતવા છતાં આજ દિન સુધી સરકારી સહાય ન ચુકવાતા દલિત પરિવારની હાલત કફોડી બની ગઈ છે.



મોટી ઈસરોલ ગામે ગત વર્ષે ચોમાસાની સીઝનમાં વરસાદી પાણીથી દલિત પરિવારનો એકમાત્ર આશરો મકાન તુટી પડ્યુ હતું. ગામમાં રહેતા શારીરિક વિકલાંગ નરેશભાઈ મગનભાઈ ચમાર અને તેની પત્નિ પણ વિકલાંગ હોવા છતાં મજૂરી કરી જીવન નિર્વાહ ચલાવે છે. ગત વર્ષે વરસાદી સીઝન આ પરિવાર પર આફત સર્જતા વસવાટ કરતા પરિવારનું મકાન સતત વરસાદથી તુટી ગયુ હતુ. જે અંગે આ ગરીબ પરિવાર દ્વારા મોડાસા તાલુકા પંચાયત કચેરીએ જાણ કરવા છતાં કોઈ અધિકારી કે કર્મચારીએ સ્થળની રૂબરૂ મુલાકાત લેવાની તસ્દી પણ લીધી નથી. અને આજ સુધી આ પરિવારને સરકારી સહાય કે મકાનની સહાયના નામે રૂપિયો પણ ન ચુકવાતા વરસાદથી તુટી પડેલા આ મકાનમાં રહેતો પરિવાર વરસાદ આવતાની સાથે જ ફફડી ઉઠે છે. અને ચોમાસા દરમ્યાન મહોલ્લામાં કે અન્ય પરિવારના ઘરમાં આશરો લેવા મજબુર બને છે.

મોટી ઈસરોલ ગામના ગ્રામજનોના જણાવ્યા અનુસાર સરદાર આવાસ યોજના હેઠળ ગામમાં જરૂરીયાતમંદ લોકોને મકાનો મંજુર કરાયા હોવા છતાં લાભાર્થીઓના ખાતામાં સરકારી સહાયના ચેક જમા ન થતાં જરૂરીયાતમંદ ગરીબ વર્ગના લોકોને સહાય મેળવવા ફાંફા મારવા જેવી સ્થિતિથી યોગ્ય રહેટાણ વ્યવસ્થાના અભાવે પરિવારોની હાલત કફોડી બની છે.

(જય અમીન, મોડાસા)




**આજે પાલનપુરમાં પાટીદારોની અનામત રેલી**

આજે બનાસકાંઠા જિલ્લાના પટેલ સમાજની અનામત રેલી યોજાશે. જેમાં મોટી સંખ્યામાં પાટીદારો જોડાશે અને હાઈ-વેથી જોરાવર પેલેસ કલેકટર કચેરી સુધી રેલી યોજી જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવશે. આ પાટીદારોની રેલી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે સરદાર પટેલ ગ્રુપ બનાસકાંઠાના પ્રમુખ જીગર પટેલ અને તેમની ટીમ સખત કાર્યરત છે. સમસ્ત પાટીદાર સમાજ બનાસકાંઠા જિલ્લામાંથી હજારો પટેલ પરિવારો સાથે રેલીમાં જોડાશે આ રેલીમાં પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ પણ ભાગ લેશે. રેલીને લઈ બનાસકાંઠા જિલ્લા પોલીસવડા ચિરાગ કોરડીયાએ પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો છે. **(તસવીર : હરેશ જોષી)**

# ખાદી ઉત્પાદનના વેચાણ માટે બજાર વિકાસ યોજના જાહેર

## ૧૦ ટકા રિબેટને બદલામાં ૧૫ ટકા માર્કેટિંગ ડેવલપમેન્ટ સહાયથી કારીગરના હાથમાં પાંચ ટકા સહાય રકમ મળશે

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજયના ખાદી વણાટ કારીગરોના વ્યાપક હિતમાં ખાદી ઉત્પાદન - વેચાણ માટે બજાર વિકાસ સહાય માર્કેટીંગ ડેવલપમેન્ટ આસીસ્ટન્સ યોજનાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ આ નવતર અભિગમને પરિણામે ખાદી વણાવટ કારીગરોને પાંચ ટકાની સહાય વણાટ-કાંતણ કામગીરી માટે સીધી જ તેમના હાથમાં મળતા આર્થિક સમૃદ્ધિની નવી દિશા મળશે અને રોજગારીમાં વૃધ્ધિ થશે તેવો વિશ્વાસ દર્શાવ્યો છે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, પ્રવર્તમાન ધોરણે ખાદી-પોલીવસ્ત્રો ઉપર ગાંધીજયંતિથી માંડીને ગાંધીનિર્વાણદિન ૧૮૦ દિવસ સુધી ૧૦ ટકા રીબેટ આપવાની યોજનાને સ્થાને સમગ્ર વર્ષ દરમ્યાન ખાદી ઉત્પાદન વેચાણમાં માર્કેટિંગ ડેવલપમેન્ટ આસીસ્ટન્સ તહેત કુલ ૧૫ ટકા વળતળનો લાભ આખા વર્ષ દરમ્યાન મળતો રહેશે.

સુરેન્દ્રનગરમાં રાજયભરના ખાદી ક્ષેત્રના કાર્યકરો કારીગર વર્ગોએ મુખ્યમંત્રીનું રાજયનાં આ વર્ષના અંદાજપત્રમાં ખાદી સંસ્થાઓ-મંડળીઓ મારફતે ખાદી કાંતનારા વણનારા કારીગરોને કારીગર પરિવારોને પાંચ ટકા, તેમજ વિક્રેતા અને વેચાણ સંસ્થાને પણ પાંચ ટકાની સહાય સમગ્ર વર્ષ દરમ્યાન મળતી થશે તેની વિસ્તૃત વિગતો સમજાવી હતી. મુખ્યમંત્રીએ ખાદી કાંતણ વણાટ




સહાય સાધન માટે ૩ કરોડના કરેલા પ્રાવધાન તથા વણાટ સહાયમાં નારીશક્તિ માટે ત્રણથી પાંચ ગણો વધારો કરવાના ક્રાંતિકારી નિર્ણય અંગે જાહેર અભિવાદન સન્માન કર્યું હતું. તેમણે ખાદી ઉત્પાદન વેચાણમાં બજાર વિકાસ સહાયના નિર્ણયથી ખાદી વણાટના ગ્રામીણ ક્ષેત્રો સંકળાયેલી નારીશક્તિ બહેનોને ચુકવવામાં આવતી નાણાંકીય સહાયમાં જે ત્રણથી પાંચ ગણા વધારાનો નિર્ણય કર્યો છે. તેમાં હવે આ ક્ષેત્ર સાથે સંકળાયેલા પુરૂષો ભાઈઓને પણ આવરી લેવાની જાહેરાત પણ આ સન્માન અભિવાદન સમારોહમાં કરી હતી.

# રવિવારે વડોદરા ખાતે વિશ્વ ધર્મ સંસદ યોજાશે

## ૨૦ રાષ્ટ્રોના અલગ અલગ ૩૦ ધર્મોના એક હજારથી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૫

પાર્લામેન્ટ ઓફ ધ વર્લ્ડ રીલીજીયસ અને રામકૃષ્ણ મિશન દ્વારા વડોદરા ખાતે તા. ૯મી ઓગષ્ટ રવિવારે વિશ્વ ધર્મ સંસદનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધર્મસંસદમાં ૨૦ દેશોમાંથી અલગ અલગ ૩૦ ધર્મોના એક હજાર ડેલિગેટ્સ ઉપસ્થિત રહેશે. ધર્મસંસદ વડોદરાની મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી ખાતે સી.સી. મહેતા ઓડિટોરિયમમાં સવારે ૯ થી સાંજના ૮.૩૦ વાગ્યા સુધી યોજાશે.

ધર્મ સંસદનું આયોજન શિકાગોની પાર્લામેન્ટ ઓફ ધ વર્લ્ડ રીલીજીયસના એમ્બેસેડર ડૉ. જયેશ શાહ દ્વારા કરવામાં આવ્યું છે. આ ધર્મસંસદમાં પાર્લામેન્ટ ઓફ ધ વર્લ્ડ રીલીજીયસના અધ્યક્ષ ઈમામ અબ્દુલ મલિક મુજાહિદ, રામકૃષ્ણ મિશનના સેક્રેટરી સ્વામી નિખિલશ્વરાનંદ, સ્વામી આત્મરૂપાનંદજી, ઓલ ઈન્ડિયા ઈમામ ઓર્ગેનાઈઝેશનના ચીફ ઈમામ ઉમર અહેમદ ઈલ્યાસી, ઈન્ટરનેશનલ જૈન વિધ્વાન સુમાણી ચરિત્ર પ્રાજના, યુવા પ્રો.સી. ઉપેન્દ્ર રાવ, પારસી વિદ્વાન ડૉ. નોશીર દાદરાવાલા અને ઝેવિયર રિસર્સ ફાઉન્ડેશનના ફાધર ડૉ. વિન્સેન્ટ બ્રગેન્ઝા વગેરે સંબોધિત કરશે. આ ઉપરાંત અનેક સંસ્થાના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહી ધર્મસંસદમાં પોતાના વિચારો વ્યક્ત કરશે.

# ડીસા માર્કેટયાર્ડ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં તબીબી સેવા શરૂ કરાઈ

## ડીસા તેમજ લાખણી તાલુકાના અસરગ્રસ્તોને વિના મૂલ્યે સારવાર અપાશે : ચેરમેન

ઉત્તર ગુજરાતમાં મેઘરાજાની શાહી સવારી બાદ સર્વત્ર પાણી જ પાણી થઈ જવા પામ્યું છે. બનાસકાંઠા તેમજ રાજસ્થાનમાં થયેલ ભારેથી અતિ ભારે વરસાદના કારણે બનાસકાંઠા જિલ્લાના ડીસા તેમજ લાખણી તાલુકાના અનેક ગામો બેટમાં ફેરવાઈ જવા પામ્યા છે ત્યારે બનાસકાંઠા જિલ્લાની અગ્રણી સહકારી સંસ્થા અને ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતી શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસાના ચેરમેન માવજીભાઈ દેસાઈ તેમજ તેમની સમગ્ર ટીમ દ્વારા સતત પાંચ દિવસથી ટેટોડા, ઝેરા, વરણ, જેનાલ, કમોડા, કમોડી, પેછડાલ, ભાદરા, ગુગળ, કુડા, ધુણસોલ, જસરા, કંસારી, રામસણ, મોટી ઘરનાળ, નાની ઘરનાળ, દામા, રામપુરા, લક્ષ્મીપુરા સહિતના વિસ્તારોમાં રાહત-બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. હવે આ તમામ ગામોમાંથી પાણી ઓસરી જતાં હવે પૂરગ્રસ્ત વિસ્તારોમાં લોકો બિમારીમાં ન સપડાય તે માટે ડીસા માકેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા વિના મૂલ્યે તબિબિ સેવા શરુ કરવામાં આવી છે. કુદરતી પ્રકોપમાં ડીસા માર્કેટયાર્ડની માનવતાવાદી પ્રવત્તિને લોકો બિરદાવી રહ્યા છે.



યોગ્ય ભરથારની કામના માટે કુમારીકાઓ દ્વારા જયાપાર્વતીનું વ્રત કરે છે. પાંચ દિવસ વ્રતની ઉજવણી કર્યા બાદ રાત્રી જાગરણ કરવામાં આવે છે. છઠ્ઠા વર્ષ વ્રતની ઉજવણી કરવામાં આવે છે. ડીસા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં પણ બાલિકાઓ દ્વારા જયા પાર્વતની ઉજવણી પ્રસંગે બાલીકાઓ શૃંગારની કીટનું વિતરણ કરાયું હતું. **(તસવીર : કે. લાલ)**

## બાકલપુર પાસે ખેતરમાં કરંટ લાગતા યુવકનું મોત

પ્રાંતિજના જુના બાકલપુર પાસે આવેલ ખેતરમાં ડાંગર રોપવા આવેલ દાહોદના ૨૫ વર્ષીય યુવાનનું વીજ કરંટ લાગતા કરૂણ મોત થયું હતું. આ મામલે પોલસે ઘટના સ્થળે આવી તપાસ હાથ ધરી હતી.

આજે આ યુવક ડાંગરની વાવણી કરી રહ્યો હતો. દરમિયાન યુવકને તરસ લાગતા પાણી પીવા માટે પાસે આવેલ બોર પર ગયો હતો. આજ સમયે તેનો હાથ વીજ ડીપી તાર સાથે અડકી જતા જોરદાર કરંટ લાગ્યો હતો અને તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું કરૂણ મોત નિપજયું હતું.

**જિલ્લા વન મહોત્સવ** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે.ચાલુ વર્ષ દરમિયાન જિલ્લાની વિવિધ નર્સરીઓમાં ૫૬.૫૦ લાખના રોપાઓની વાવણી કરવામાં આવી હતી. આગામી વન મહોત્સવની ઉજવણી જિલ્લાના મોટા ઈસનપુર ગામમાં ભીખાભાઈ હાઈસ્કુલ ખાતે કરવામાં આવશે. આ તબક્કે રાજય કક્ષાના વન મંત્રી દિલીપ ઠાકોર હાજરી આપશે.આ ઉપરાંત વન વિભાગના અધિકારીઓ તેમજ ગ્રામજનો સહીતના આગેવાનો પણ ઉજવણીમાં સામેલ થશે. ગાંધીનગર જિલ્લામાં ગત મહિના દરમિયાન તોફાની વરસાદમાં સેંકડો વૃક્ષો ધરાશાયી થતા પ્રકૃતિ પ્રમીઓમાં નારાજગી સાથે દુખ પ્રવર્તયુ છે. જયારે વન વિભાગ દ્વારા શહેરી વિસ્તારમાં પણ રોપાઓના વિતરણથી લઈ જરૂરી ટ્રીમીંગની કામગીરી ન થતા નાગરિકોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે.

**બ્રિડીંગ મળ્યા** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને લારવા સૌથી વધુ મળ્યા છે તેથી તંત્ર ચિંતાતુર બની જવા પામેલ છે. જો કે તંત્રના સૂત્રો એવા દાવો કરી રહ્યા છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. છુટાછવાયા કેસો મળી રહ્યા છે. બીજી તરફ ખાનગી હોસ્પિટલોમાં વાહકજન્ય રોગચાળાના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે. ગ્રામીણ વિસ્તારમાં પણ મેલેરિયાના છુટાછવાયા કેસો શરૂ થયા છે.

**શહેરમાં સર્વે** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહી છે. જયારે આગામી સપ્તાહમાં વૃક્ષો દુર કરવાનું કામ પૂર્ણ થયા બાદ શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગ માટે યોગ્ય અભ્યાસ હાથ ધરવામાં આવશે. જયારે જરૂર મુજબ વૃક્ષોનું ટ્રીમીંગ પણ કરવામાં આવશે.

ગાંધીનગરમાં ગત મહિના દરમિયાન તોફાની વરસાદના લીધે જિલ્લામાં સેંકડા વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા જયારે શહેર અને જિલ્લાના મુખ્ય માર્ગો પર પણ વૃક્ષો આડશ બનતા વન તંત્ર દ્વારા વૃક્ષોને દુર કરવા યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે આ માટે મજુરોની જુદી જુદી ટીમ બનાવી કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જેના અંતે જિલ્લાના વિવિધ ઠેકાણેથી વૃક્ષો દુર કરી દેવાયા છે.જો કે વન વિભાગના જણાંવ્યા મુજબ હજુ પણ ઘણાં ઠેકાણેથી વૃક્ષો દુર કરવાની કામગીરી ચાલુ છે. જે પુર્ણ થતા ચાર પાંચ દિવસનો સમય લાગશે. વન તંત્ર દ્વારા વૃક્ષો દુર કરવાની કામગીરીના અંતે શહેરી વિસ્તારમાં નમી પડેલી વૃક્ષોની ડાળીઓનો પણ સર્વે હાથ ધરવામાં આવશે. જેના અંતે વનતંત્ર વૃક્ષોનું જરૂર જણાંય તે મુજબ ટ્રીમીંગ કરશે. શહેરમાં હાલની સ્થિતિએ ઘણાં ખરા વૃક્ષો નમી પડેલી ભયજનક હાલતમાં છે. જયારે કટેલાક ઠેકાણે વૃક્ષો ટ્રમીંગના અભાવે નડતરરૂપ બન્યા છે. છેલ્લા ઘણાં સમયથી વૃક્ષોની જાળવણીના મામલે વન વિભાગ દ્વારા કોઈ દરકાર લેવામાં આવતી ન હોવાનો રોષ પ્રવર્તયો છે.

**સરકાર સંચાલિત સોસાયટી**

● અનુસંધાન પહેલાનું ચાલુ

સેવાઓ કથળી જવા પણ પામી છે. આ સોસાયટી ગાંધીનગર, સોલા, ગોપી, જુનાગઢ, હિંમતનગર, વલસાડ અને પાટણની મેડીકલ કોલેજોનું સંચાલન કરી રહેલ છે. અહિયાં જ્યાં જુઓ ત્યાં તમને કાયમી કર્મચારી કરતાં કોન્ટ્રેક્ટ આધારિત અથવા ફિક્સ પગારના કર્મચારી વધુ નજરે પડશે.

એક અંદાજ મુજબ ૧૦ હજાર જેટલા કર્મચારીઓ હાલ આ સોસાયટીમાં કામ કરી રહ્યા છે. આ સોસાયટીનું સંચાલન જ આઉટ સોર્સીંગથી થતુ હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યું છે અને તેથી જ સરકારી સેવાઓને લઈ હવે નવા પ્રશ્નાર્થોની સાથે સાથે આંદોલનો આગામી દિવસોમાં આકાર પામે તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. આઉટ સોર્સીંગ દ્વારા સેવાઓ સરકારના નિયત પગાર ધોરણ કરતાં ઓછા પગારે મળે છે અને આના કારણે સરકારનું આર્થિક ભારણ ઘટે છે પરંતુ તેમાંય કેટલીક સેવાઓમાં તો નિવૃત્ત લોકો વધુ મળી રહ્યા છે. સરકારી દવાખાનાઓમાં મેડીકલ ઓફિસરોની જગ્યા પણ પુરી ભરાયેલી નથી તેમજ પેટા-મેડીકલ સેવાઓ જે આઉટસોર્સીંગથી ભરીને ચલાવવામાં આવી રહી છે.

# અનામત જાતિ આધારિત નહિ પરંતુ આર્થિક સ્થિતિ મુજબ હોવી જોઈએ : ક્ષત્રિય મહાસભા

## સર્વ સમાજના નીચલા વર્ગના લોકોને લાભ મળે તે માટે રાજપૂત સમાજના ૧૦૮ યુવાનો આજે પ્રતિક ઉપવાસ કરશે

ગાંધીનગર, તા.૫

રાજયમાં અનામતનું ભૂત ધૂણી રહ્યું છે. અનામત જાતિ આધારિત નહિ પરંતુ આર્થિક સ્થિતિ પ્રમાણે હોવી જોઈએ તેવા મત સાથે ક્ષત્રિય મહાસભા અને લલકાર ગ્રુપના ૧૦૮ સભ્યો આજે એક દિવસના પ્રતિક ઉપવાસ કરશે.

સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે આજે સવારે ૯.૩૦ વાગે ક્ષત્રિય મહાસભા રાજપૂત સમાજના યુવાનો એક દિવસનો ઉપવાસ કરશે. રાજપૂત સમાજે માંગ કરી છે કે અનામત જાતિ આધારિત ન હોવી જોઈએ પરંતુ આર્થિક પરિસ્થિતિ પ્રમાણે હોવી જોઈએ. ક્ષત્રિય મહાસભા રાજપૂત સમાજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સંજયસિંહ રાજપૂતે જણાવ્યું છે કે રાજપૂત સમાજે દેશ પાસે આજ સુખી કાંઈ જ માંગ્યુ નથી પરંતુ આપ્યું છે ત્યારે આજે પણ રાજપૂત સમાજના યુવાનો પોતાના માટે નહિ પણ સર્વ વર્ગના લોકોને ન્યાય મળે તે માટે ઉપવાસ કરશે.

રાજયમાં હાલમાં અનામતનું ભૂત જોરદાર ધૂણી રહ્યું છે. અનામત ગરીબીના માપદંડને આધારે હોવી જોઈએ. દરેક વર્ગના ગરીબી રેખામાં જીવતા લોકોને અનામત મળે તે દિશામાં આગળ વધવાની વત કરી હતી.

તેમણે ઉદાહરણ આપતા વધુમાં જણાવ્યું હતું કે બે દિકરીઓ એક સાથે એક જ કલાસમાં અભ્યાસ કરે છે એકને ૬૦ ટકા અને બીજીને ૯૦ આવે છે. ૬૦ ટકા લાવનાર વિદ્યાર્થીની મેડિકલમાં અભ્યાસ કરે છે અને ૯૦ ટકા લાવનાર વિદ્યાર્થીનીને પ્રવેશ ન મળવાને કારણે આત્મહત્યા કરે છે. આ પાછળ જવાબદાર કોણ? કોઈ નિર્દોષ જીવ ન ગુમાવે તેવા હેતુથી રાજપૂત સમાજ આજે પ્રતિક ઉપવાસ કરે છે.

## રાજા પટેલને આનંદીબેને અર્પણ કરેલી શ્રદ્ધાંજલિ

અમદાવાદ, તા.૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ચોર્યાસી વિધાનસભા મત ક્ષેત્રના ધારાસભ્ય રાજાભાઈ પટેલના દુઃખદ અવસાન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી શ્રધ્ધાંજલિ પાઠવી છે. આનંદીબેન સ્વ.રાજાભાઈ પટેલને શોકાંજલિ પાઠવતા જણાવ્યું છે કે, તેમના અકાળ અવસાનથી એક જાગતિક જનપ્રતિનિધિની ખોટ આપણને પડી છે.

મુખ્યમંત્રીએ સદગતના શોકસંતપ્ત પરિવારજનોને સાંત્વના પાઠવી સ્વર્ગસ્થના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે.

**ટ્રેન ખડી પડી** ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવાની જાહેરાત કરવામાં આવી છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ કહ્યું હતું કે, તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ વારાણસી જઈ રહેલી કામાયની એક્સપ્રેસના ૧૦ ડબ્બા અને રાજેન્દ્રનગર (પટણા)થી મુંબઈ જઈ રહેલી જનતા એક્સપ્રેસના એન્જિન અને સાત ડબ્બા પાટા ઉપરથી ખડી પડ્યા હતા. રાત્રે ૧૧થી ૧૧.૩૦ વાગ્યાની વચ્ચે આ બનાવ ભીરંગી અને ખિરકિયા વચ્ચે બન્યો હતો. આ બંને વિસ્તાર વચ્ચે બનેલા માચક નદીના પુલ ઉપર અપ અને ડાઉન ટ્રેક ઉપર બનાવ બન્યા હતા. માચક નદી પુરના કારણે વિકરાળ સ્વરુપમાં છે. નદી પર બનેલા પુલ ઉપર આ ટ્રેનો પહોંચવાની સાથે જ પાટા નિચાણતરફ ધસી ગયા હતા. મધ્યપ્રદેશ સરકારના પ્રવક્તા અનુપમ રાજને માહિતી આપતા કહ્યું છે કે, મૃતકોમાં ૧૩ પુરુષો, ૧૧ મહિલાઓ અને પાંચ બાળકોનો સમાવેશ થાય છે. રેલવેના એક અધિકારીએ વિગત આપતા કહ્યું છે કે, ૧૫૦થી વધુ યાત્રીઓને બચાવી લેવામાં આવ્યા છે. ડિવિઝનલ રેલવે મેનેજર બ્રજેન્દ્રકુમારે વિગત આપતા કહ્યં છે કે, આ બનાવમાં મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે.

**વોરંટ જારી** ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓફ મની લોન્ડરિંગ એક્ટની અદાલતે મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં મોદી સરકાર સામે બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યું હતું. આ પત્ર સૌથી પહેલા ગૃહમંત્રાલયને મોકલવામાં આવશે ત્યારબાદ બ્રિટનની ગૃહ ઓફિસને પણ મોકલવામાં આવશે. ગઈકાલે પીએમએલએ કોર્ટ દ્વારા લલિત મોદી સામે બિનજામીનપાત્ર વોરંટની માંગ કરીને દાખલ કરવામાં આવેલી ઈડીની અરજી ઉપર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. ઈડીએ ગયા સપ્તાહમાં જ કોર્ટમાં એક અપીલ કરીને બિનજામીનપાત્ર વોરંટની માંગ કરી હતી. કારણ કે મોદીએ તેની સામે જારી કરવામાં આવેલા અગાઉના સમન્સનો કોઈ જવાબ આપ્યો નથી. સ્પેશિયલ જજ પીઆર ભાઉકેએ ગઈકાલે ઘણા બધા પ્રશ્નો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે, ઈડી દ્વારા લલિત મોદીની ધરપકડ કેમ કરવામાં આવતી નથી. ઈડી દ્વારા બિનજામીનપાત્ર વોરંટની માંગ કરી હતી. તપાસ દરમિયાન વોરંટ જારી કરી શકાય છે કે કેમ તેને લઈને હવે પ્રશ્ન ઉભો થયો છે.

ઈડીના વકીલ હિતેનનું કહેવું છે કે,લલિત મોદી ભારતમાં ઉપલબ્ધ નથી જેથી બિનજામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવે તે જરૂરી છે. મોદીએ ૨૦૦૯ બાદથી તેમની સામે જારી કરવામાં આવેલા સમન્સને યોગ્યરીતે પાળ્યા નથી. લલિત મોદી સામે બિનજામીનપાત્ર વોરંટ મુંબઈની અદાલત દ્વારા હવે જારી કરવામાં આવ્યો છે. મોદી સામે તકલીફ વધે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. મની લોન્ડરિંગ મામલામાં લલિત મોદી આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. મોદી સાથે સંબંધોને લઈને કેન્દ્રીય વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. માનવતાના આધાર પર મદદ કરવાના મુદ્દે સુષ્મા સ્વરાજના રાજીનામાની માંગ સતત કરવામાં આવી રહી છે.

**મનનાં ઉમંગો** (ચોથા પાનાનું ચાલું...)

મીનાશ્રુ જેવા કવિઓએ ગદ્યમાં પણ અવનવી છટાઓ ઊભી કરી છે. નિરંજન ભગતે છંદોલય પ્રગટાવ્યો છે. અરે, આપણા પદ્યસ્વામી ઉમાશંકરભાઈએ 'છિન્નભિન્ન છું' જેવું અછાંદસ કાવ્ય કયાં નથી લખ્યું? નલિન રાવળ આવા જ એક ગદ્યકવિ છે. તેમનું 'સિંહ' કાવ્ય વાંચવું એ કયા સિંહની વાત કરે છે એ વાત જાણતાં તમારો કવિતાનો આનંદ બેવડાઈ જવાનો!

**સિંહ**

તારક તગી અંધાર ઘૂંટી રાત્રિનું આકાશ
એની
આંખમાં આબદ્ધ
તીખી સ્થિર બે તેજે ચમકતી કીકીઓમાં
ઘૂમતું નક્ષત્રમંડળ
આભપ્હોળાં વેગીલાં વર્તુળ
લેતો ઘૂર્ઘુરાટી ઘૂંટતો એ આવતો અવકાશ -
વનની બ્હાર
ઊભો
યાળ ઊછળે સાત સાગર પાર
વીંઝી કાય વહ્નિઝાળ જેવી, ન્હોરથી અંધાર
ઉતરડી
કૂદ્યો
તોતિંગ નગરો પ્હાડ જંગલ ત્રાડ પર તોળી
છલંગે ખલ્ક જંગી સોંસરું વીંધી
ત્વરામાં ત્રાડતો ઊંડો ગહન અવકાશ - વનમાં લુપ્ત
તગતા રક્તમાં મારા
તગંતા
સિંહ-પગલાં... સિંહ પગલાં... સિંહ પગલાં...

- નલિન રાવળ

**દુઃખદ અવસાન** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અસ્થામાનો સિવિયર એટક આવતા તેમનુ અવસાન થયુ હતુ. મુળ દહેગામ તાલુકાના મગોડી ગામના વતની પ્રહલાદભાઈ વર્ષ ૧૯૭૭માં ગાંધીનગરમાં આવ્યા બાદ તેઓ સે-૨૩ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરી વર્ષ ૨૦૦૨માં તેઓ નિવૃત થયા હતા. પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નગરના વિદ્યાર્થીઓને શરૂઆતથી જ પાયાનુ શિક્ષણ આપવાની ઉમદા ફરજ અદા કર્યા બાદ નિવૃતકાળમાં પણ તેમની ઉદાર અને પ્રેમાળ પ્રકૃતિથી નગરજનોના હદયમાં તેમણે આગવુ સ્થાન મેળવ્યુ હતુ. વર્ષ ૨૦૦૬માં તેમની પત્નિ પ્રભાવતીબેનનુ અવસાન થયા બાદ ભક્તિ અને સેવામાં તલ્લીન રહેતા પ્રહલાદભાઈ કોલવડાના રીક્ષાવાળાઓને પણ આર્થિકરૂપે મદદરૂપ થઈ માનવતાની મહેંક પ્રસરાવતા હતા. ગઈકાલ રાતથી તેમને શ્વાસની તકલીફ થતા આજે સવારે વધુ તબિયત લથડતા અવસાન થયુ હતુ. તેમના અવસાનથી પરિવારજનોમાં તેમના પુત્ર ગૌતમ પુરાહીત હીતેશ પુરોહીત તેમજ પુત્રી નિલાબેનમાં ઘેરા દુખની લાગણી વ્યાપી છે.

**લાગણીનો મેળો** (ચોથા પાનાનું ચાલું...)

ચપળ હતો. તેણે ગુરુજીને ગૂંચવવાનું નક્કી કર્યું. અંતિમ પ્રશ્ન પૂછવા જતી વખતે તેણે એક પક્ષીને પોતાના બે હાથની વચ્ચે પકડ્યું. તેનો પ્રશ્ન હતો: મારા હાથમાંનું પક્ષી જીવતું છે કે મરેલું છે? સંભવિત બંને જવાબ ખોટા પડવાની શક્યતા એણે પોતાના હાથમાં રાખી. ગુરુ સમજી ગયા કે જો હું પક્ષીને જીવતું કહીશ તો એ દબાવીને મારી નાંખશે, અને જો મરેલું કહીશ તો હાથ ખુલ્લા કરીને ઉડાડી મૂકશે. ગુરુ પણ આખરે ગુરુ જ હતા. એમણે બહુ માર્મિક જવાબ આપ્યો. તેમણે કહ્યું કે, તારા પ્રશ્નનો જવાબ તારા હાથમાં છે (અર્થાત તું ધારીશ તો પક્ષી જીવતું રહેશે, અને તું ધારીશ તો મરી જશે.)

ઉપરોક્ત કથા ખૂબ જ માર્મિક તેમજ સૂચક છે. કન્ફ્યુશ્યશે આપેલો જવાબ સાર્વત્રિક તેમજ સનાતન છે. આપણને મૂંઝવતા બધા જ પ્રશ્નોનો જવાબ આપણા હાથમાં જ છે. તેથી જ તો આપણા ઋષિમુનિઓએ સવારના ઊઠતાંવેંત જ કરદર્શન (હસ્તદર્શન) કરવાનો સૌને આદેશ આપ્યો છે.

- Rasikvaland1965@gmail.com


IndusInd Bank

લોન... લોન... લોન...

જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...

● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*

● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ

૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર

Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)